રજુ તારીખ ૨૨/૧૨/૨૨

દાખલ તારીખ ૨૨/૧૨/૨૨

ફેસલ તારીખ ૧૬/૦૧/૨૩

સમયગાળો

**અમદાવાદના મહેરબાન એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નં.૮, અમદાવાદ. અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન, દાણાપીઠ, અમદાવાદ.**

**ક્રિમીનલ પરચુરણ અરજી નંબર.૪૬૩૪/૨૦૨૧**

**આંક**

અરજદાર:– **ચંદુલાલ રામાભાઈ ઝાપડીયા ઉ.વ.૫૭**
**રહે.૨૬,વાલ્મિકી ઋષિની ચાલી,રામા પીરનો ટેકરો, જુનાવાડજ, અમદાવાદ**

**વિરુધ્ધ**

સામાવાળા:– ૧. રજીસ્ટ્રારશ્રી, જન્મ મરણ વિભાગ,
અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન, અમદાવાદ.

**વિષય:– જન્મ મરણ અધિનીયમની કલમ:૧૩(૩) મુજબ મરણનીનોંધણીનો હુકમ મેળવવા બાબત.**

અરજદાર તરફે વિ.વકીલશ્રી સી.જે.વકીલ,

સામાવાળા તરફે વિ.વકીલશ્રી કોઈ નથી.

૧. અરજદારે હાલની અરજી જન્મ – મરણ નોંધણી અધિનીયમની કલમ: ૧૩(૩) હેઠળ તેમના પુત્રના નામે ચેતનભાઈ ચંદુભાઈ ઝાપડીયા ના મરણ ની નોંધ કરાવવા માટે દાખલ કરેલ છે. અરજદારે અરજીમા એવી હકીકતો

જણાવેલ છે કે, તેમના પુત્રના નામે ચેતનભાઈ ચંદુભાઈ ઝાપડીયા નુ મરણ તારીખ :–૧૧/૧૦/૨૦૧૫ ના રોજ વિસત ગાંધીનગર હાઈવે, ચાંદખેડા,અમદાવાદ મુકામે થયેલ હતુ અને તેમના મરણની અંતીમ વિધી વાડજ સ્મશાનગૃહ,અમદાવાદ મુકામે કરવામા આવેલ, અને જે તે વખતે તેઓની શરતચુકના કારણે તેમના પુત્રના મરણ અંગેની નોંધ જન્મ –મરણ નોંધણી અન્વયે સામાવાળાના રકેર્ડમા કરાવવાની રહી ગયેલ છે, અને હાલ તેમના મરણના દાખલાની જરુરીયાત સરકારી ના કામ સારુ ઉપસ્થીત થતા હાલની અરજી તેમના પુત્રના મરણની નોંધ કરાવવા માટે આપેલી છે. અરજદારે અરજીમા તેમના પુત્રના મરણની વિગતો નીચે મુજબ આપેલ છે.

| | | |
|---|---|---|
| મરનારનુ નામ | :– | ચેતનભાઈ ચંદુભાઈ ઝાપડીયા |
| મરણ તારીખ | :– | ૧૧/૧૦/૨૦૧૫ |
| મરણ સ્થળ | :– | વિસત ગાંધીનગર હાઈવે, ચાંદખેડા, અમદાવાદ |
| અંતીમવિધી સ્થળ | :– | વાડજ સ્મશાનગૃહ,અમદાવાદ |
| મરનારની માતાનું નામ | :– | નીરૂબેન |

૨. આમ, ઉપરોકત મુજબની વિગતો હોય અને જે તે વખતે તેમના પુત્રના મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય તેથી સામાવાળા અરજદારના પુત્રના મરણની નોંધ કરી મરણનો દાખલો કાઢી આપે તેવી દાદ અરજદારે માંગેલ છે.

૩. આ અરજી દાખલ થતા અરજી રજીસ્ટરે નોંધવામા આવેલ છે, અને અરજી અરજદારના પુરાવા માટે રાખવામાં આવેલ છે. અરજદારે પોતાની અરજીના સમર્થનમા નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

## અરજદાર તરફે રજુ થયેલ પુરાવાઓ

### -: મૌખીક પુરાવો :-

| અ. નં | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અરજદારની સરતપાસની એફીડેવીટ | ૯ |
| ૨ | સાહેદ ચંદુલાલ રામાભાઈ ઝાપડીયા ની સરતપાસની એફીડેવીટ | ૧૦ |
| ૩ | સાહેદ નીરૂબેન ચંદુલાલ ઝાપડીયા ની સરતપાસની એફીડેવીટ | ૧૧ |
| ૪ | સાહેદ પુરબીયા મધુબેન ડાહ્યાભાઈ ની સરતપાસની એફીડેવીટ | ૧૨ |

### -: દસ્તાવેજી પુરાવો :-

| અ.નં | વિગત | આંક |
|---|---|---|
| ૧. | અમદાવાદ મ્યુ. કોર્પો. ના જન્મ-મરણ નોંધણી વિભાગનુ નો રેકર્ડસર્ટીફીકેટ | ૪ |
| ૨. | સ્મશાનની પહોંચ | ૫ |
| ૩ | તા.૦૮/૦૧/૨૨ ના નિર્મળ ગુજરાત સમાચારપત્રની પ્રસીધ્ધ થયેલ જાહેર નોટીસ | ૮ |
| ૪ | વાડજ સ્મશાનના મરણ નોંધણી રજીસ્ટરના ઉતારાની નકલ. | ૯ |

ત્યારબાદ,અરજદારે આંક- ૧૩ પુરાવા બંધની પુરસીસ રજુ કરેલ છે.

૪. આ અરજી ઈન્કવાયરી સ્વરુપની હોય જેથી અરજદારે જે સરતપાસનુ સોગંદનામુ આપેલ છે, તે પણ સી.આર. પી.સી. ની કલમ: ૨૯૬ હેઠળ ગ્રાહ્ય હોય જેથી તેને ઘ્યાને લેવામા આવે છે.

પ. આ કામે અરજદારના રજુ થયેલ પુરાવા જોતા આંક–૪ થી રજુ થયેલ અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન ના જન્મ – મરણ નોંધણી વિભાગના નો રેકર્ડ સર્ટીફીકેટ મુજબ અરજદારના પુત્રના મરણની નોંધણી સામાવાળાના રેકર્ડમા થયેલ નથી તેવુ ફલિત થાય છે અને આ કામે આંક–પ સ્મશાનની પહોંચ અને આંક–૮ થી મરણ નોંધણી રજીસ્ટરના ઉતારાની નકલ રજુ થયેલ છે જે વંચાણે લેતા, આ કામે અરજદારના પુત્રના મરણ બાદ તેમની અંતીમ વિધી વાડજ સ્મશાનગૃહ,અમદાવાદ મુકામે કરવામા આવેલ છે, તેવુ ફલિત થાય છે. અને આ કામે આંક–૭ થી જાહેર નોટીસ રજુ થયેલ છે અને તે જાહેર નોટીસના કામે કોઈ વાંધા તકરાર રજુ થયેલ નથી અને કાયદા મુજબ મરણ નોંધણી સામાવાળાના સરકારી રેકર્ડમા કરાવવી જરુરી છે અને આ કામે અરજદાર તથા અરજદારના સાહેદોના આંક–૦૯ થી આંક–૧૨ મુજબના જે પુરાવા રજુ કરેલ છે તે પુરાવાની હકીકતે અરજદારના પુત્રના નામેચેતનભાઈ ચંદુભાઈ ઝાપડીયા નુ અવસાન તારીખ:–૧૧/૧૦/૨૦૧પ ના રોજ થયેલ હોવાનુ જણાઈ આવે છે તે સંજોગોમા અરજી મંજુર થવાને પાત્ર જણાતી હોય, ન્યાયના હિતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**:: હુ ક મ ::**

અરજદારની હાલની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

આ કામના સામાવાળાને એવો આદેશ કરવામાં આવે છે કે, અરજદારના પુત્રના મરણની નીચે મુજબની વિગતો હોય તે મુજબની વિગતો નોંધી

જરુરી લેઈટ ફી વસુલ લઈ અરજદારના પુત્રના મરણની નોંધ કરી મરણનો દાખલો કાઢી આપવો.

| | | |
|---|---|---|
| મરનારનુ નામ | :- | ચેતનભાઈ ચંદુભાઈ ઝાપડીયા |
| મરણ તારીખ | :- | ૧૧/૧૦/૨૦૧૫ |
| મરણસ્થળ | :- | વિસત ગાંધીનગર હાઈવે, ચાંદખેડા, અમદાવાદ |
| અંતીમવિધી સ્થળ | :- | વાડજ સ્મશાનગૃહ,અમદાવાદ |
| મરનારની માતાનું નામ | :- | નીરૂબેન |

આ હુકમની યાદી સામાવાળાને કરવી.

આજરોજ હુકમ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૬/૦૧/૨૦૨૩
અમદાવાદ.

(મયુરી ભાસ્કર ભાલીયા)
ઈ/ચાએડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૮, અમદાવાદ.
જજકોડ નં.જીજે-૦૧૪૭૬